વર્ષ : 11, અંક : 8, પૃષ્ઠ : 16, કિંમત : રૂ. 5

# મંગલ નવકાર

20 મી સદીના અજોડ જ્ઞાનવીર,
દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક,
બાલદીક્ષા યુગ પ્રવર્તક, જ્ઞાનતીર્થ,
ગીતાર્થ મૂર્ધન્ય, આગમોદ્ધારક

## પૂ.આ.દે. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજા

ના ચરણકમલ માં
આદરભર્યાં - અહોભાવભર્યાં
આનંદથી છલોછલ

*નતમસ્તક વંદન...*

*Vandan*



Watch Video

બેમિસાલ 150 સાલ




1. છ લાખ વર્ષ પ્રાચીન, ચાણસ્મા-મંડણ શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન.　　2. ચાણસ્મા નગરે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ.

3. ચાણસ્મા જૈન મહાજન પેઢીના ધર્મદ્રવ્ય વ્યવસ્થા અને વહીવટ પર બારીક નજર રાખતા પૂજ્યશ્રી.

કથા-મંગલ

# આપણા દાદા ગુરુદેવ 23

આ. શ્રી હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.



**પૂ. ચન્દ્રસાગરજી મ. અને પૂ. ધર્મસાગરજી મ. વિહાર કરતાં ચાણસ્મા ચાતુર્માસ અર્થે પધારે છે... રસ્તામાં પ્રાચીન જિનાલયો ના દર્શન સાથે સુવિશુદ્ધ સામાચારી પાલન અને અધ્યયનપૂર્વક વિહાર કરે છે... હવે ચાણસ્મામાં ધર્મના સંસ્કારોનું સિંચન અને દ્રવ્ય-વહીવટ નું શિક્ષણ પૂજ્યશ્ર કયી રીતે આપે છે તે આ અંકમાં માણીએ.**

DADA GURUDEV

બહુ વધારે દિવસનો વિહાર હતો નહિ પરંતુ વચમાં મુજપુરમાં બે ભવ્ય જિનાલયો, હારિજ તો વેપારનું સારું પીઠું અને કંબોઈ મનમોહન પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય, આમ ત્રણેય ગામમાં જૈનોની સારી એવી આબાદી હોવાથી દરેક ગામમાં પહેલેથી સમાચાર મળી જતાં બધે ‘ય સામૈયા થતાં અને આગ્રહ હોવાથી થોડી સ્થિરતા પણ રહેતી વ્યાખ્યાનાદિ પણ આયોજાતા, અને એ વખતે અન્ય કોમોમાં પણ ધર્મની લાગણી રહેવાથી વ્યાખ્યાન, ગોચરી - ભિક્ષાનો લાભ પણ લોકો હોંશે હોંશે લેતા...

**ચાણસ્મામાં પહેલેથી સમાચાર મળી જવાથી ચાણસ્માના જૈનો પણ પૂજ્યશ્રીને વંદન કરવા સારી સંખ્યામાં આવતાં અને ચાણસ્મામાં પૂજ્યશ્રીના પ્રવેશ દિવસે ભવ્ય સામૈયામાં પધારવા વિનંતિ કરતાં....**

આ વિહાર તો નાનો હતો પરંતુ લોકોને ધર્મલાભ પામવાની લાગણી ઉત્કટ હોવાથી દરેક ગામમાં સ્થિરતા અને વ્યાખ્યાનથી લોકો લાભાન્વિત સારા થતાં રહેતા .

થોડો થોડો વિહાર હોવાથી સાધુઓમાં સામાચારી પાલન, અભ્યાસ અને વાચના આદિમાં વ્યાઘાત નહોતો પહોંચતો. અને ચાણસ્મા આવ્યું એટલે અહીં તો આનંદના ફુવારા ઉડવા લાગ્યા. આખું ગામ સજાવેલું અને ચાણસ્માની આબાલ ગોપાલ જનતા પૂજ્યશ્રીનાં પ્રવેશમાં ઉમટી હતી. વળી બીજા- ગામની જનતા પણ પ્રવેશને શોભાવી રહી હતી. દરેકના હૈયે ઉત્સાહ અને ઉમંગ ઉછળી રહ્યો હતો.

માથા પર બેઠા બેડા લઈને આવેલી બ્હેનોની હારમાળા અને એમના મુખેથી રણકારા લેતા મંગલ ગીતો અને ગહુંલિઓની હારમાળા શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી.

ગામમાં ફરીને સામૈયુ ભટેવા દાદાના પંચશિખરી દરબારમાં પ્રવેશ્યું. સાડા છ લાખ વર્ષ પ્રાચીન ભટેવા દાદાના દર્શન થી ઉમટેલો આનંદ આજે બેવડાયો હતો.

સામૈયું પૂરું થતાં વસતિએ દેરાસરને હકડેઠક ભરી દીધું હતું. અને પૂ. મુનિ શ્રી ચન્દ્રસાગરજીએ પોતાની મેઘરાજા જેવી ગંભીર વાણી એવી વહાવી, એમાં લોકોના હૈયા મોરલાની જેમ થનગનવા લાગ્યા.... પહેલાં વ્યાખ્યાને જ શ્રોતાઓને એવા જકડી લીધાં કે ચાણસ્માની જૈન-અજૈન પ્રજા વ્યાખ્યાનમાં રોજ ઉભરાવા લાગી ને બીજી બાજુ મુનિ શ્રી ધર્મસાગરજીએ લોકોને જાગૃત કર્યા.

**સામૈયું પૂરું થતાં વસતિએ દેરાસરને હકડેઠક ભરી દીધું હતું. અને પૂ. મુનિ શ્રી ચન્દ્રસાગરજીએ પોતાની મેઘરાજા જેવી ગંભીર વાણી એવી વહાવી, એમાં લોકોના હૈયા મોરલાની જેમ થનગનવા લાગ્યા.... પહેલાં વ્યાખ્યાને જ શ્રોતાઓને એવા જકડી લીધાં કે ચાણસ્માની જૈન-અજૈન પ્રજા વ્યાખ્યાનમાં રોજ ઉભરાવા લાગી ને બીજી બાજુ મુનિ શ્રી ધર્મસાગરજીએ લોકોને જાગૃત કર્યા.**

શ્રી ચન્દ્રસાગરજી વ્યાખ્યાનમાં ધાર્મિક સંસ્થા ચલાવવાથી કેવો લાભ થાય ? આપણા કેવા પુણ્ય કે આવા જૈન ધર્મમાં જીવવા માટે નશીબ આપણને સાંપડયું છે. આવા સંઘની સેવા કરવાનો મોકો ત્યારે જ મળે જ્યારે આપણું નશીબ આપણા પર મન દઇને રીઝયું હોય. આવા સંઘને તો ફૂલે-ફૂલે વધાવવાનો હોય.. આવા સંઘના વહીવટમાં રોડા નાંખવા એ તો મહાપાપનું કામ.. એનાથી તો ભવો ભવ વધી જાય અને જૈન ધર્મથી છેટા થઈ જવું પડે. આપણા પૂર્વજોએ આ સંઘની સેવા હાટું કેવો શ્રમ ઉઠાવ્યો છે પોતાની કેટલી સંપત્તિ ન્યોછાવર કરી છે. કેવો સમયનો ભોગ આપ્યો છેને પોતાની બુદ્ધિ કામે વળગાડી છે. એક નાની રાનીપાઈનું નુકશાન ન થાય એ માટે કેવી ચિન્તા ને ચીવટ દાખવી છે. અરે ! આ સ્થિતિમાં તો અમારાં ગુરુદેવોએ પોતાની ફરજ બજાવી છે. શ્રાવક સંઘને જાગૃત કર્યો છે. અને સંઘને સજ્જ કર્યો છે. ત્યારે આ જિનશાસન ચાલ્યું છે, ને આગળ વધ્યું છે.

ત્યારે એક શ્રાવક ભાઈ બોલ્યા, સાહેબ ! સંઘનો વહીવટ કરવાનું કામ તો શ્રાવકોનું કહેવાય ને એમાં સાધુઓને દખલગિરિ ચાલે ? એ તો એમની સાધુજીવનની આરાધના સંભાળે આ બધી જવાબદારી તો ગૃહસ્થોની ને ?

ત્યારે પૂજ્યશ્રીએ જવાબ આપ્યો કે ભગવાન-મહાવીરે આ શાસનની સ્થાપના કરી ત્યારે શાસનના ટ્રસ્ટી કેટલા અને કોને-કોને નીમ્યાં હતાં ? જરા નામ બતાવો તો ? એ વખતનાં શેઠિયાઓ અને આગેવાનો હશે ને ?



ના ભાઈ ! એકે'ય નહિ એક પણ ગૃહસ્થ નહિ ! એ માટે એ વખતે એમના અગિયાર ગણધરોને નિયુક્ત કર્યા અને એમને આખી જવાબદારી સુપરત કરી.. એમાં એકે ય ગૃહસ્થ નહિ !

'કેમ સાહેબ ! આનંદ, કામદેવ, ચુલની પિતા વગેરે દશ શ્રાવકો હતાં ને ?

**બિલકુલ સાચી વાત, પરંતુ તેઓનું સ્થાન સહાયક તરીકે અધિકારીની રૂએ નહિ. એવી પ્રવૃત્તિ કે જે સાધુ માટે નષિધ્ધ છે. એવા કામ પૂજ્ય ગુરુદેવોની પ્રેરણાથી એવા ગંભીર, ઉદારદિલ અને વફાદાર શ્રાવકોને વહીવટ સોપે તેઓ ગુરુદેવોના માર્ગદર્શન મુજબ બધો જ વહીવટ સંભાળે!**

આ રીતે પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં પ્રેરણા કરે અને પછી આગેવાનોને બોલાવી મુનિ શ્રી ધર્મસાગરજી મ. એક-એક વિગત સમજાવે.. એમાં જ્યાં જ્યાં સંપત્તિમાં કે વહીવટમાં આઘી પાછી થઈ હોય એને પકડી પાડે ને જેની પાસેથી વસૂલી કરવાની હોય એ પણ વ્યાજ સાથે વસૂલી કરાવે. અને ક્યાંક તે કામ ન થાય એવું લાગે તો મુનિ ધર્મસાગરજીએ ચોવિહારો-અઠ્ઠમ પણ કર્યો છે. અને જૈનોના ગોચરી પાણી પણ બંધ કર્યા છે. આથી શ્રાવકો સાવધાન થયાં અને બધા ચોપડાં વ્યવસ્થિત કરી આખા સંઘને શાસનના દેવાથી મુક્ત કરેલ છે...

સમય ઘણો લાગ્યો પણ આખો સંઘ ધર્મ દ્રવ્યના દેવાથી મુક્ત થયો ચમત્કાર એ સર્જાયો કે સંઘનો પુણ્ય ભંડાર લક્ષ્મીથી છલકાવા લાગ્યો...

એ વર્ષનું ચોમાસું સંઘના આગ્રહથી ચાણસ્મામાં જ થયું. અને એ પછી ભટેવા દાદાની કૃપાવર્ષા અનરાધાર વરસવા લાગી. જેથી ચાણસ્માના સંઘની જાહોજલાલી દિનદુગુણી રાત ચોગુણી વધવા લાગી...

આખું ચોમાસું જ રંગે ચંગે પસાર થયું જાણે ચાર મહિનાનો મહોત્સવ મંડાયો. એમાં તપસ્યા ઘણી સારી સંખ્યામાં થઈ હોવાથી પર્યુષણ પછીનો વરઘોડો પણ એવા જ ઉત્સાહના માહોલથી નીકળ્યો. એમાં જૈન પ્રજા તો જોડાઈ જ અજૈન પ્રજા પણ હોંશે હોંશે આવી ગઈ અને પર્યુષણ પછીનો અષ્ટાહ્નિકા મહોત્સવ પણ ભારે જાહોજલાલિભર્યો ઉજવાયો. એ પછી વળી વ્યાખ્યાનની ધબધબાટી ચાલી... ત્યારબાદ આસોની ઓળી પણ એવી જ ધૂમધામથી મનાવી એ પછી રૂમઝૂમ કરતી દિવાળી આવી. એય શું કરવા ઓછી ને આછી જાય... આમ, આખું ચોમાસુ રંગે ચંગે ને ઢોલ ધમાકા સાથે વીત્યું.

**હજી થોડું કામ બાકી હતું તો ચોમાસા પછી પણ સ્થિરતા કરી. એક બાજુ આરાધનાનો દોર ચાલે તો બીજી બાજુ વહીવટની સફાઈનું કામ પણ બહુ વ્યવસ્થિત રીતે ચાલતું.**

ચોમાસા બાદ વિહાર આવ્યો પણ ચોમાસાનાં માહોલમાં સંઘનું એક એક હૈયું એવું જકડાએલું કે વિહાર માટેની વાત આવે કે વાતાવરણ ગમગીન બની જાય પણ અંતે જેમ દીકરી ગમે તેવી વ્હાલી હોય પણ મા-બાપ પોતાની ફરજ સમજી વળાવે એમ શ્રી સંઘે પૂજ્યશ્રીને વળાવ્યા આ ઘડીએ આખું ગામ ઉમટ્યું આખરે મંગલ હિતશિક્ષા અને માંગલિક સંભળાવી પૂજ્યશ્રીઓએ વિહાર આદર્યો.

## ધર્મનગરી **સુરત** ના વિભિન્ન શ્રીસંઘો માં બંધુ બેલડી પૂ.આ.દે. શ્રી જિન-હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ની નિશ્રા માં **ચાતુર્માસ પ્રવેશ ઉત્સવ**

અઠવાલાઇન્સ જૈન શ્રીસંઘ
શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ



શંખેશ્વરપુરમ્ તીર્થ પ્રેરક
**પૂ.આ.દે. શ્રી લબ્ધિચન્દ્ર સાગરસૂરિજી મ.સા.**
આદિ ઠાણા

કૈલાશનગર જૈન શ્રીસંઘ



**પૂ.આ.દે. શ્રી અપૂર્વચન્દ્ર સાગરસૂરિજી મ.સા.**
આદિ ઠાણા

ભટાર જૈન શ્રીસંઘ



બંધુ બેલડી શિષ્યરત્ન
**પૂ.આ.દે. શ્રી પ્રસન્નચન્દ્ર સાગરસૂરિજી મ.સા.**
આદિ ઠાણા

શ્રી નેમુભાઇ વાડી ઉપાશ્રય તથા
ૐકારસૂરિ આરાધના ભવન ગોપીપુરા



બંધુ બેલડી શિષ્યરત્ન
**પૂ.મુનિરાજ શ્રી કૈલાશચન્દ્ર સાગરજી મ.સા.**
**પૂ. મુનિરાજ શ્રી મનકચન્દ્ર સાગરજી મ.સા.**
આદિ ઠાણા

ખંભાત જૈન શ્રીસંઘ



બંધુ બેલડી શિષ્યરત્ન
**પૂ.મુનિરાજ શ્રી હિમાંશુચન્દ્ર સાગરજી મ.સા.**
આદિ ઠાણા









## સુરત (વેસુ)

ૐકાર નવકાર ચાતુર્માસ

**ભવ્ય ચાતુર્માસ પ્રવેશોત્સવ**

ૐકારસૂરિ આરાધના ભવન

ચાતુર્માસ નિશ્રાપ્રદાતા

**બંધુ બેલડી પૂ.આ.દે.**
**શ્રી જિન-હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.**

પૂ.આ. **શ્રી વિરાગચન્દ્રસાગર સૂરિજી** મ.સા.
પૂ. ગણિ **શ્રી આનંદચન્દ્રસાગરજી** મ.સા. તથા
પૂ.સા. **શ્રી સંયમિતાશ્રીજી** મ., પૂ.સા. **શ્રી સંવેગરત્નાશ્રીજી** મ.સા.
આદિ વિશાલ શ્રમણ-શ્રમણી વૃંદ

આત્મીય અતિથિ

**ગૃહમંત્રી મા.શ્રી હર્ષભાઇ સંઘવી**

Watch Video







## સુરત (વેસુ)

ૐકાર નવકાર ચાતુર્માસ

## ભવ્ય ચાતુર્માસ પ્રવેશોત્સવ

ૐકારસૂરિ આરાધના ભવન















સમાચાર-મંગલ

# જયાં જયાં પગલાં તમારાં પડયાં

## પૂ. બંધુ બેલડી ગુરુદેવશ્રીની નિશ્રામાં

**પૂ.આ. શ્રી જિન-હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા., પૂ.આ. શ્રી પ્રસન્નચન્દ્રસાગર સૂરિજી મ., પૂ.આ. શ્રી વિરાગચન્દ્રસાગરસૂરિજી મ., પૂ. ગણિ આનંદચન્દ્રસાગરજી મ. આદિ વિશાલ શ્રમણ વૃંદની પાવન નિશ્રામાં પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી થી પાવન ભૂમિ સુરત શહેરમાં ચાતુર્માસ પ્રવેશના અનેરા આયોજનો થયા.**

સુરતમાં સૌપ્રથમ પૂજ્યશ્રીનો નગર-પ્રવેશ નવાપુરા જૈન સંઘ માં થયો. ભવ્ય સામૈયુ, પ્રવચન, નવકારશી નું આયોજન થયું.

ત્યારબાદ પૂજ્યશ્રીના શિષ્યરત્ન વર્ધમાન તપસ્વી પૂ. મુનિશ્રી મનકચન્દ્રસાગરજી મ. આદિ ઠાણા નો ૐકારસૂરિ આરાધના ભવન ગોપીપુરા મધ્યે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો.

સુરતની જાહોજલાલીના મૂળ સમાન શ્રી નેમચંદ મેલાપચંદ વાડી ઉપાશ્રયમાં પૂજ્યશ્રીના શિષ્યરત્ન જાપનિષ્ઠ પૂ. મુનિરાજ શ્રી કૈલાશચંદ્રસાગરજી મ. આદિ ઠાણા નો ચાતુર્માસ પ્રવેશ ભવ્યતાપૂર્વક થયો.



ત્યારબાદ પૂજ્યશ્રી વિહાર કરી બાબુનિવાસ ગલી જૈન સંઘમાં પધાર્યા. પ્રવચન કર્યા બાદ પૂજ્યશ્રીના શિષ્ય પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસાગરસૂરિજી મ.સા. ના શિષ્યરત્ન પૂ.આ. શ્રી અપૂર્વચન્દ્ર સાગરસૂરિજી અને પૂ.પં. શ્રી આગમચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણા નો શ્રી કૈલાશનગર જૈન સંઘમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો.

આ અવસરે ભવ્ય સામૈયુ, નવકારશી, પ્રવચન આદિ થયા. આ પ્રસંગે ગુજરાતના ગૃહમંત્રી, યુવા સુશ્રાવક હર્ષભાઇ સંઘવીએ પણ સંપૂર્ણ સામૈયામાં હાજરી આપી હતી.

ત્યારબાદ પૂજ્યશ્રી અઠવાલાઇન્સ જૈન સંઘમાં પધાર્યા. પ્રવચનાદિ કર્યા બાદ પૂજ્યશ્રી આગમોદ્ધારક ધાનેરા આરાધના ભવન, વેસુમાં પધાર્યા.

વહેલી સવારે પૂજ્ય બંધુ બેલડી ગુરુદેવશ્રીનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ સુરતના શણગાર વેસુમાં આ. ૐકારસૂરિ આરાધના ભવન મધ્યે થયો. ઢોલ-શરણાઇ ના બુલંદ નાદ સાથે પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયુ થયું.

આ પ્રસંગે પૂ. શાસનસમ્રાટ શ્રી ના સમુદાયના પૂ.આ. શ્રી રાજહંસ સૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી નિર્મલચન્દ્ર સૂરીશ્વરજી મ. તથા પૂ.પં. શ્રી આગમચન્દ્ર સાગરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી પધાર્યા હતા.

**પૂજ્યશ્રી સાથેના ગાઢ સંબંધોના કારણે આ અવસરે ગુજરાતના માનનીય ગૃહમંત્રી, યુવા સુશ્રાવક શ્રી હર્ષભાઇ સંઘવી પધાર્યા હતા. સંપૂર્ણ સામૈયામાં રહયા ત્યારબાદ પ્રવેશ-પ્રવચન માં પણ પોતે વક્તવ્ય આપ્યુ હતું. શ્રી સંઘ તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું. પ્રવેશ પ્રસંગે પૂજ્યશ્રીના ભક્તો, અયોધ્યાપુરમ્ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ આદિ અનેક ભક્તોનું આગમન થયું હતું.**

ત્યારબાદ પૂજયશ્રી પૂ.આ. શ્રી લબ્ધિચન્દ્ર સાગરસૂરિજી મ.સા. ના શ્રી અઠવાલાઇન્સ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધાર્યા.

શ્રી ભટાર જૈન સંઘ માં પૂ.આ. શ્રી જિનચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પૂ.આ. શ્રી પ્રસન્નચન્દ્રસાગરસૂરિજી મ.સા. ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પૂજ્યશ્રી પધાર્યા.

શ્રી રામવિહાર જૈન સંઘ, વેસુ માં પૂજ્ય આ. શ્રી વિરાગચન્દ્રસાગર સૂરિજી મ.સા., પૂ.આ. શ્રી રાજહંસ સૂરીશ્વરજી મ.સા. ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધાર્યા હતા.

## ૐકાર નવકાર ચાતુર્માસ વિશેષ

**ચાતુર્માસિક ચૌદશ -**

**500** આરાધકો પ્રવચનમાં

**150** આયંબિલ તપ

**250** આરાધકોએ પ્રતિક્રમણની આરાધના કરી

- તપાગચ્છના 18-18 ગચ્છનાયકોના ગુણાનુવાદ
- શાસન પ્રેમી યુવાનો માટે "જિનશાસનની સુરક્ષામાં આપણી સુરક્ષા" વિશેષ પ્રવચન
- શ્રી સુખ-વિપાક સૂત્ર, શ્રીશાંત-સુધારસ સૂત્ર નું વાંચન
- નવદિવસીય એકાસણા સહિત શ્રી નવકારની વિશિષ્ટ સાધના
- પૂ.સાગરજી મ. ની 150મી જન્મ તિથિ નિમિત્તે સર્વપ્રથમવાર તેઓશ્રી દ્વારા રચિત 230 ગ્રંથોનો સત્કાર ઉત્સવ



જીવન-મંગલ

# રોકડું પરખાવી દો છો કે ઉધાર રાખો છો?

- ડૉ. રઈશ મનીઆર

તમે જોયું હશે કે કેટલાક લોકો પોતાના વિચારો કે હક્કોની બાબતમાં આક્રમક હોય છે. કોઈની ય સાડાબારી રાખ્યા વગર ચોખ્ખું સંભળાવી દે છે. કેટલીકવાર આવા લોકો ખોટા હોય છે અથવા સાચા હોવા છતાં બહુ કડવા થઈ જાય છે એનો એમને પોતાને જલદી ખ્યાલ નથી આવતો.

તમે એવા પણ લોકો જોયા હશે જે યોગ્ય જગ્યાએ અને યોગ્ય સમયે પોતાના હક્કની વાત પણ રજૂ ન કરી શકે. શરમ સંકોચને કારણે શોષણ અને અન્યાય સહન કરી લે. બીજાની ખોટી વાત પણ ચુપચાપ સાંભળી લે. તમે એવા પણ લોકો જોયા હશે, જે પોતાના હક્કની વાત યોગ્ય જગ્યાએ કરવાને બદલે આખા ગામને કહેતા ફરે છે. તમે એવા પણ લોકો જોયા હશે કે જે મિટિંગમાં દલીલ કે ચર્ચામાં વક્તાને સીધો જવાબ આપવાને બદલે બાજુવાળા સાથે કાનાફૂસી કરતા હશે. તમે ખોટા હો તો સામે નહીં બોલે, પીઠ પાછળ ટીકા કરશે. તમે સાચા હો તો જાહેરમાં સાથ નહીં આપે, મુદ્દો પત્યા પછી તમને ખાનગીમાં કહેશે, તમે સાચા હતા.

1. દુનિયામાં ઍગ્રેસીવ માણસો હોય છે.
2. દુનિયામાં પેસિવ માણસો હોય છે.
3. દુનિયામાં પેસિવ ઍગ્રેસીવ માણસો હોય છે. ત્રણે પ્રકારના માણસો બહુ તકલીફ આપે છે.

આપણે આવા હોઈએ તો આપણે દુનિયા પર ભારરૂપ છીએ. આપણે આવા ન હોઈએ તો, આવાનો સામનો સ્વસ્થતાથી કરી શકીએ. માણસ વ્યવહારમાં કેવો હોવો જોઈએ?

1. પોતે જે બોલે કે કરે એની જવાબદારી લેવી જોઈએ.
2. પોતાના વિચાર, અભિપ્રાય અને લાગણી સંયમથી અને જાગૃત રહીને વ્યક્ત કરવા જોઈએ.
3. બહુ જલદી કોઈની અસરમાં આવી જવો ન જોઈએ.
4. વખાણ કરે તો સાચા વખાણ હોવા જોઈએ. સારું લગાડવા કે ખુશામત માટે વખાણ ન કરવા જોઈએ.



5. કોઈ કામ ન કરી શકવાના હો, અથવા ન કરવા માંગતા હો તો 'ના' કહેતાં આવડવી જોઈએ.
6. મેં આમ કર્યું. એમ કહેવાને બદલે 'અમે આમ કર્યું' અથવા 'આ કામ કરવાની મને તક મળી. એ પ્રકારનો સૂર હોવો જોઈએ.
7. બૉડી લેંગ્વેજ સૌમ્ય હોવી જોઈએ. બીજાઓ સાથે પૂરતો અને મૈત્રીભર્યો આઇ કોન્ટેક્ટ હોવો જોઈએ.
8. વધારી વધારીને વાત ન કરવી જોઈએ.
9. સામા માણસોને અભિપ્રાય અથવા ફિડબેક આપવાની તક આપવી જોઈએ.
10. પોતાની ઇચ્છા અને બીજાની ઇચ્છા વચ્ચે ટકરાવ થાય ત્યારે બહુ જલદી એક તરફ થઈ જવાને બદલે ડેલિગેટ (ગીવ એન્ડ ટેક) કરવાની આવડત હોવી જોઈએ.
11. સહમતીની કે 'વીન—વીન'ની શક્યતા હંમેશાં ખુલ્લી રાખવી જોઈએ.
12. જે કંઈ કરીએ છીએ એનું ગૌરવ હોવું જોઈએ, ગર્વ નહીં.
13. બને તેટલા હકારાત્મક અને આશાવાદી રહેવું જોઈએ, પણ આંધળુ રિસ્ક ન લેવાય કે આંધળો વિશ્વાસ ન મુકાય.
14. પોતાની વાત ગુસ્સા કે નારાજગીના અતિરેક વગર પરંતુ માપસરના ઈમોશન સાથે કહી શકાવી જોઈએ.

એક વેલ બિહેવ્ડ છતાં સ્વમાની વ્યક્તિ વ્યવહારમાં કઈ રીતે રજૂ થાય, એનો આ સાર છે. આ ગુણોને સમૂહમાં 'એસર્ટિવ સ્કીલ્સ' તરીકે ઓળખી શકાય.

ટીનએજરે પોતાનાં માતા-પિતા સાથે, અન્ય વડીલો સાથે, મિત્રો સાથે અને શિક્ષકો સાથે એસર્ટિવ સ્કીલ્સનો વખતોવખત ઉપયોગ કરવો પડે છે. ગમે તેટલો ટેલેન્ટેડ તરુણ પણ જો એસર્ટિવ સ્કીલ્સ વિકસાવી ન શકે તો સફળતા મેળવી શકતો નથી અથવા ટકાવી શકતો નથી.

દરેક વ્યક્તિ માટે એસર્ટિવ સ્કીલની વ્યાખ્યા જુદી હોઈ શકે. નૉર્મલ એસર્ટિવ સ્કીલની કોઈ વ્યાખ્યા નથી. પણ એસર્ટિવ સ્કીલ ઓછી હશે તો તમારું શોષણ થશે અને ઍસર્ટિવ સ્કીલનો અતિરેક થશે તો એ તમારું એગ્રેસીવ અથવા ઇન્ટિમિડેટિંગ (ફોર્સફુલ, ડરાવનારું) બિહેવિયર ગણાશે.

દરેક અલગ અલગ પરિસ્થિતિમાં ઍસર્ટિવ સ્કીલની વ્યાખ્યા જુદી હોઈ શકે. એક પરિસ્થિતિમાં જેટલું ઍસર્શન નોર્મલ ગણાય, બીજી સ્થિતિમાં એ અવિવેક કે અભિમાન કે નાદાની ગણાય.

સ્વાભિમાન, સમજદારી અને જાગૃતિના યોગ્ય સમન્વયથી ઍસર્ટિવ સ્કીલ ખીલે છે.

**સ્વાભિમાન** - આપણી પોતાની જાતની જરૂરિયાત શું છે તે આપણને સમજાવે છે.

**સમજદારી જાગૃતિ** - સામી વ્યક્તિ અને પરિસ્થિતિને રીડ કરતાં શીખવે છે. પળેપળ બદલાતી સ્થિતિથી આપણને સાવધ રાખે છે અને આપણું બિહેવિયર મોડિફાય કરે છે.



કાવ્ય-મંગલ

# वृक्ष

**वृक्ष**
चुपचाप खड़ा है
कुछ बोलता नहीं।

**वृक्ष**
साधना करता है
स्थिर शरीर मन से।

**वृक्ष**
मेरे, आपके अंदर है
इसलिए हम हरियाले।

**वृक्ष**
पतझड़ में सूखा-अडिग
प्यारभरी बारिश में जीवंत।

**वृक्ष**
मनुष्य के लिए जीवन
परिवार का बुजुर्ग।

અનુમોદનીય, આદરણીય આદર્શ અવસર સમસ્ત વેસુ શ્રીસંઘો નું **સામૂહિક પચ્ચક્ખાણ**

**શ્રી સિદ્ધાચલ તપ** ના સામૂહિક મંડાણ સુરત શહેરના 8-8 સંઘો માં એક સાથે

શ્રી સિદ્ધાચલના દાદા આદિનાથની 500 મી ધજા ની અપૂર્વ તૈયારી

આ. ૐકારસૂરિ આરાધના ભવન, શ્રી રામવિહાર આરાધના ભવન

શ્રી આગમોદ્ધારક ધાનેરા આરાધના ભવન, શ્રી શાસન સમ્રાટ નવરત્ન આરાધના ભવન











**શ્રી ૐકારસૂરિ આરાધના ભવન - વેસુ**

પ્રેરક - બંધુ બેલડી પૂ.આ. શ્રી જિન-હેમચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.

**શ્રી રામવિહાર જૈન સંઘ - વેસુ**

પ્રેરક - પૂ.આ. શ્રી રાજહંસ સૂરીશ્વરજી મ.સા.

**શ્રી આગમોદ્ધારક ધાનેરા ભવન - વેસુ**

પ્રેરક - પૂ.આ. નિર્મળચન્દ્ર સૂરીશ્વરજી મ.સા.

**શ્રી અઠવાલાઇન્સ જૈન સંઘ - અઠવાલાઇન્સ**

પ્રેરક - પૂ.આ. શ્રી લબ્ધિચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.

**શ્રી ભટાર જૈન સંઘ - ભટાર**

પ્રેરક - પૂ.આ. શ્રી પ્રસન્નચન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.

**શ્રી શાસનસમ્રાટ્ નવરત્ન જૈન ઉપાશ્રય - વેસુ**

પ્રેરક - પૂ.ઉપા. શ્રી પુંડરીકવિજયજી મ.સા.

**શ્રી નેમચંદ મેલાપચંદ વાડી ઉપાશ્રય ટ્રસ્ટ - ગોપીપુરા**

પ્રેરક - પૂ. મુનિરાજ શ્રી કૈલાશચન્દ્રસાગરજી મ.સા.

**શ્રી ૐકારસૂરિ આરાધના ભવન - ગોપીપુરા**

પ્રેરક - પૂ. મુનિરાજ શ્રી મનકચન્દ્રસાગરજી મ.સા.

Watch Video

શાસન પ્રભાવક, બંધુ ત્રિપુટી ગુરુદેવશ્રી ના પિતાતુલ્ય, બંધુ મુનિરાજ

## પ.પૂ. મુ.નિરાજ શ્રી સત્ત્વચન્દ્રસાગરજી મ.સા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



Watch Video













શ્રુત સૌજન્ય : **શ્રીમતી સુહાસીનીબેન મયુરભાઇ અમૃતલાલ વોરા** વઢવાણ નીવાસી હાલ (સાંતાક્રુઝ) મુંબઇ


: મુખ્ય સંપર્ક અને સંપાદક :

**જસવંતભાઇ શાહ**

1350, ખીજડાવાળો વાસ, મીઠાખળીગામ,
એલિસબ્રિજ, અમદાવાદ - 380 006, મો. 9429524113


પ્રતિ :


RNP is GUJGUJ/2014/56368, Registered Under Postal Registration No. AHD-C/31/2024-26, Published on 16th of every month and posted on 16th every month valid up to 31st December-2026 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO.

Printed, Published and Owned by **JASHVANTBHAI SAKARCHAND SHAH** and Printed at **Print Vision Private Limited**, 'Print Vision House' Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006 and Published from 1350, Khijadovalo Vas, Mithakhali, Ellisbridge Ahmedabad-380006. Editor- **JASHVANTBHAI SAKARCHAND SHAH**